જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૨/૨૦૨૨ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૨૫૧૮ | ૧૯૦ | ૮૨૭૦૮ | ૮૩૫૧૮ | ૧૯૨ | ૮૩૭૧૦ |
| કુલ | | ૯૯૧૧૯ | ૧૯૦ | ૯૯૩૦૯ | ૧૦૮૦૫૧ | ૧૯૨ | ૧૦૮૨૪૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૧ | ૪,૮૨,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧૭ | ૧૦,૧૭,૦૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ અને ૯૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૬૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ (૧)** પુનમબહેન વા/ઓ સુનિલ સચદેવ (ઉ.વ.૬૬) (રહે. સમૃધ્ધિ રેસીડેન્સી કિષ્ના બંગ્લોઝ સામે મોટેરા) એ તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ પુનમબહેન સચદેવની નાની પુત્રીના બેંક ખાતામાંથી મોટી પુત્રીના ખાતામાં નેટ બેંકીંગ દ્વારા રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરતા રૂપિયા તેઓના ખાતામા ટ્રાંસફર ન થતા પુનમ સચદેવએ ગુગલમાં એસ.બી.આઇ.કસ્ટમર કેરનો નંબર સર્ચ કરતા મોબાઇલ નંબર ૯૮૨૭૩૪૯૫૩૮ મળતા સંપર્ક કરતા મોબાઇલ નંબરના ધારકે એસ.બી.આઇ. કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી પુનમબહેન સચદેવની નાની પુત્રીના બેંક ખાતામાંથી મોટી પુત્રીના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી આપવાનુ જણાવી મોબાઇલમાં ANYDESK નામની એપ ડાઉનલોડ કરાવી ડેબીડકાર્ડની માહીતી મેળવી લઈ પુનમબહેન સચદેવની પુત્રીના ખાતામાંથી રૂપિયા ૬૯,૭૬૬/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ (૨)** અશ્વીનભાઈ નરસિંહભાઈ પરમાર (ઉ.વ.૪૧) (રહે. આરાધ્યા હોમ્સ ન્યુ ચાંદખેડા) એ તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશ્વીનભાઈ પરમારનુ ઈન્ડસઈન્ડ બેંક તરફથી ક્રેડીટ કાર્ડ આવતા ક્રેડીટ કાર્ડ એક્ટીવ કરવા અશ્વીનભાઈ પરમાર એ ગુગલમાંથી ઈન્ડસઈન્ડ બેંકનો કસ્ટમર કેર નંબર સર્ચ કરી તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ વાત કરતા મોબાઇલ નંબર ૭૦૭૬૮૮૪૬૮૫ અને ૯૮૨૭૩૪૯૫૩૮ ના ધારકોએ ઇન્ડસ બેંકના ક્રેડીટ કાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી અશ્વિનભાઈને વિશ્વાસમાં લઈ ક્રેડીટ કાર્ડ એક્ટીવ કરવા લીંક મોકલી, લીંકમાં વિગત ભરાવી માહીતી મેળવી લઈ ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૭૪,૯૨૪/- ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૧/૨૦૨૨**

**વાડજઃ** અનિતાબહેન વા/ઓ અમરશીભાઇ લોહિયા (રહે. શ્રમિકનગરના છાપરાં રૂબિ ફલેટ સામે જુના વાડજ) એ તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૦૬/૦૨/૨૦૨૨ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૯,૦૯૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૯૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૬૨/૨૦૨૨**

**ગોમતીપુરઃ** નવિનકુમાર બદ્રિનારાયણ દુલમ (ઉ.વ.૨૮) (રહે. પીળીચાલી વિજય પેટ્રોલ પંપ પાસે રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને યુ.એન.મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર પ્રભુદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.